CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# CIMS News
# Care & Cure

Volume-7 | Issue-76 | November 25, 2016

Price : ₹ 5/-

## અંદરના પાને...

- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ વિશે માહિતી
- ઘૂંટણ બદલાવો સીમ્સ હોસ્પિટલ ખાતે
- શું તમે જાણો છો પ્રેગ્નન્સીમાં...



CIMS News
Care & Cure
Volume-7 | Issue-76 | November 25, 2016

CIMS
Care Institute of Medical Sciences

# હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ વિશે માહિતી

તમે કીડની ટ્રાન્સપ્લાન્ટ વિશે તો સાંભળેલ હશે જ પણ હવે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પણ તેટલું જ સામાન્ય થતું જાય છે. કેટલાક હૃદયના દર્દીનું હૃદય અત્યંત નબળું પડી જાય છે અને રોજીંદી જીંદગી જીવવામાં પણ અત્યંત શ્વાસ અને થાક લાગતો હોય છે. શ્વાસના કારણે વારંવાર હોસ્પિટલમાં દાખલ થવું પડતું હોય છે. આવી પરિસ્થિતિમાં દર વર્ષે ૫૦ % દર્દીઓ અને ૫ વર્ષમાં ૮૦ % દર્દીઓ મૃત્યુ પામતા હોય છે. જ્યારે આવા દર્દીને નવું હૃદય મળે છે ત્યારે તેને નવું જીવન મળે છે અને તે દર્દી સામાન્ય જિંદગી જીવી શકે છે.

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં દર્દીના નબળા હૃદયને કાઢીને તેની જગ્યાએ દાતા (Donor's Heart)ના હૃદયનું પ્રત્યારોપણ કરવામાં આવે છે.

**વિશ્વમાં અને ભારતમાં કેટલા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે?**

વિશ્વમાં દર વર્ષે સરેરાશ ૧૦,૦૦૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. તેમાંથી મોટા ભાગના ઉત્તર અમેરિકા અને યુરોપમાં થાય છે. અત્યાર સુધીમાં લગભગ ૧,૨૦,૦૦૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.


ભારતમાં અત્યાર સુધીમાં લગભગ ૨૦૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થયા છે. તાજેતરના વર્ષોમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કાર્યક્રમ વધુ સુયોજિત રીતે થયો છે અને વિશ્વ ધોરણોની સમકક્ષ પરિણામ મળ્યા છે.

**જ્યારે હૃદય આ રીતે નબળું હોય ત્યારે તેની જરૂર પડે છે તેના કારણો આ પ્રમાણે છે:**

૧. હાર્ટ એટેક પછી હૃદયની કાર્યક્ષમતા અતિ નબળી હોય અને એન્જિયોપ્લાસ્ટી અથવા બાયપાસ સર્જરીથી તે સુધરી શકે તેમ ન હોય.
૨. હૃદય ઉપર વાઇરસના કારણે સોજો આવવાથી હૃદય નબળું પડ્યું હોય (Dilated Cardiomyopathy)
૩. ખુબ જ આગળ વધી ગયેલ હૃદયના વાલ્વની બીમારી
૪. જન્મજાત હૃદયની બિમારી કે જેમાં ઓપરેશનથી પણ હૃદયની સારવાર શક્ય ન હોય.
૫. હૃદયના ધબાકારની કે સ્નાયુની જૈનીક (Genetic) બિમારી કે જેમાં બીજા ઉપાય શક્ય ન હોય.

**ઉમેદવારી માટે મૂલ્યાંકન પ્રક્રિયા શું છે ?**

તેના માટે નિષ્ણાંતોની ટીમ દર્દીની તપાસ કરે છે. આ ટીમ સામાન્ય રીતે કાર્ડિયોલોજીસ્ટ, કાર્ડિયોવાસ્ક્યુલર સર્જન, કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ, ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડિનેટર, સોશિયલ વર્કર, ડાયેટિશિયન અને સાયક્રેટીસ્ટની બનેલી હોય છે. દર્દીની તબીબી પરીક્ષામાં એ પરિક્ષણોનો સમાવેશ થાય છે જેના દ્વારા દર્દીની સમગ્ર શારીરિક સ્થિતિ જાણી શકાય છે. આ પરીક્ષણોમાં ઇસીજી, ઇકોકાર્ડિયોગ્રામ, કાર્ડિયાક કેથેટરાઇઝેશન,



લીવર ટેસ્ટ, કીડની ટેસ્ટ, બ્લડ ટેસ્ટ, સ્કીન ટેસ્ટ, કેન્સર ટેસ્ટ, એક્સરસાઇઝ ટેસ્ટ, ડેન્ટલ તપાસ, પલ્મોનરી ફંકશન ટેસ્ટ, રિજેકશન અટકાવવા માટે ટીસ્યુ અને બ્લડ ટાઇપીંગ વેગેરનો સમાવેશ થાય છે.

**દર્દી હૃદય માટે રાહ જોતો હોય ત્યારે બીમારી કથળે તો શું કરવું ?**

ટ્રાન્સપ્લાન્ટ ટીમના સભ્યો નિયમિત રીતે ઉમેદવારોનું મૂલ્યાંકન કરીને હોસ્પિટલાઇઝેશન દ્વારા કે તેના વગર જરૂરિયાત પ્રમાણે તબીબી સારવારમાં ફેરફાર કરતા રહે છે. કેટલીક વખત મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ (કુત્રિમ હૃદય)ના ઉપયોગની જરૂર પડે છે.

**ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પછી કેટલો સમય હોસ્પિટલમાં રહેવું પડશે?**

કોઇ પણ કાર્ડિયાક સર્જરીની જેમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બાદ હોસ્પિટલમાં રિકવરીનો સમયગાળો આશરે ૧થી ૨ સપ્તાહનો હોય છે. કોઇ પણ પ્રકારની મુશ્કેલી પેદા થાય તો હોસ્પિટલમાં રોકાણ લંબાઈ શકે છે. આ સમયગાળામાં તમારી સતત દેખરેખ રાખવામાં આવશે જેથી તમારું નવું હૃદય વ્યવસ્થિત કામ કરતું રહે અને સર્જિકલ પ્રક્રિયા પછી કોઇ જટિલતા પેદા ન થાય. દર્દીનું શરીર નવા હૃદયનો અસ્વીકાર ન કરે તે માટે પણ તમને ખાસ દવાઓ આપવામાં આવશે. ડિસ્ચાર્જ કરવામાં આવે તે પહેલા દર્દીએ દવાઓને કઇ રીતે લેવી, કાપાની જગ્યાની કાળજી કઇ રીતે લેવી અને આઉટપેશન્ટ ક્લિનિકની ફોલો-અપ મુલાકાતો વિશે દર્દીને અને તમારા પરિવારને માહિતી અને સૂચના આપવામાં આવશે.

**જુદી જુદી દવાઓ શેના માટે છે?**

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાવનારે ખાસ પ્રકારની દવાઓ લેવી જરૂરી હોય છે. દરેક દવા ચોક્કસ થેરેપ્યુટીક કારણોસર હશે. તેઓ ચાર મુખ્ય કેટેગરીમાં આવે છે.

- ઇમ્યુનોસપ્રેસન્ટ્સ: એવી દવાઓ શરીરની કુદરતી પ્રતિકારક શક્તિને ઘટાડી દે જેથી તે ટ્રાન્સપ્લાન્ય (આરોપણ) કરાયેલા અવયવને સ્વીકારે
- એન્ટીબાયોટિક્સ, એન્ટીવાઇરલ અને ફંગીસાઇડ્સ: એવી દવાઓ જે તમારી કુદરતી રોગપ્રતિકારક શક્તિને નિષ્ક્રિય કરવામાં આવી હોય ત્યારે ચેપની શક્યતા ઘટાડે.

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-7 | Issue-76 | November 25, 2016

- વિટામીન, મિનરલ્સ અને પોષક સપ્લીમેન્ટ્સ: તે તમારા શરીરને ઝડપથી સાજા થવામાં અને યોગ્ય કામગીરી જાળવી રાખવામાં મદદ કરે છે.

**કોરોનરી ધમનીઓની બીમારી અટકાવવા અને લોહીના દબાણનું નિયમન કરવાની દવાઓ.**

મોટા ભાગની દવાઓ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પછી તાત્કાલિક લેવી પડશે. પ્રથમ વર્ષ દરમિયાન તમારી ટ્રાન્સપ્લાન્ટ ટીમ દવાઓને એડજસ્ટ કરી આપશે. તેમાં કેટલીક દવાઓના ડોઝ ઘટાડવામાં આવી શકે અથવા અમુક દવાઓ સાવ બંધ કરી શકાય.

**ટ્રાન્સપ્લાન્ટ બાદ કઇ મુશ્કેલીઓ માટે ધ્યાન રાખવું જરૂરી છે?**

ટ્રાન્સપ્લાન્ટ પછી બે સૌથી સામાન્ય મુશ્કેલીઓ થઇ શકે છે:

- **ચેપ** - ખાસ કરીને પ્રથમ કેટલાક મહિનામાં. દર્દીને ચેપના કોઇ પણ લક્ષણ હોય તો ટ્રાન્સપ્લાન્ટ કેન્દ્રનો સંપર્ક કરવો જરૂરી છે.
- **રિજેક્શન** – ટ્રાન્સપ્લાન્ટ બાદ તરત શરીર નવા હૃદયનો અસ્વીકાર કરવા તમામ પ્રયાસ કરે છે. રિજેક્શનનો ખતરો ટાળવા માટે દર્દીને ઇમ્યુનોસપ્રેસન્ટ્સનો ઊંચો ડોઝ લેવો જરૂરી થતો હોય છે.


**રિજેક્શનની શી સારવાર છે?**


જ્યારે રિજેક્શનની જાણકારી મળે ત્યારે તરત તેની સારવાર કરવી જોઈએ. મોટા ભાગના લોકોને તેમના પ્રથમ એપિસોડ માટે ત્રણ દિવસ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. તેની સારવારમાં પ્રેડનિસોન (અથવા સ્ટીરોઇડ)નો ઊંચો ડોઝ આપવામાં આવે છે જે ઇન્ટ્રાવેનસલી (નસ દ્વારા) અથવા પ્રેડનિસોન ટેબ્લેટ વધારીને આપવામાં આવે છે. મોટા ભાગના કિસ્સામાં તેનાથી રિજેક્શન પ્રક્રિયા ઉલ્ટાવી શકાશે.

**દર્દી કેટલા સમયમાં કામ પર પરત જઇ શકે ?**

દર્દી કેટલા સમયમાં કામ પર પરત ફરી શકશો તેનો આધાર દર્દીને કેવું લાગે છે અને તે શું કામ કરે છે તેના પર રહેલો છે. સર્જરીના કાપાની જગ્યા મટી જાય અને તમને સારું લાગે પછી તરત દર્દીને કામ પર પરત જવા માટે ટ્રાન્સપ્લાન્ટ ટીમ સાથે વાત કરી દર્દીને તેઓ તૈયાર છે એવું લાગે અને ટ્રાન્સપ્લાન્ટ ટીમ પણ આ નિર્ણય તબીબી રીતે સુરક્ષિત હોવાનું માને પછી અમે દર્દીઓને કામ શરૂ કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. સામાન્ય રીતે મોટા ભાગના લોકો સર્જરી પછી છ મહિના બાદ ફરીથી કામ શરૂ કરી શકે છે.

**પરીણામ : હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ વગર અને કર્યા પછીનું આયુષ્ય**



**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું પરિણામ કેવું આવે છે?**

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બાદ ૯૦ ટકા દર્દીઓ ૧ વર્ષ જીવી શકતા હોય છે અને ૫૦ ટકા દર્દીઓ ૧૦ વર્ષ જીવી શકે છે. આ પરિણામો કિડની ટ્રાન્સપ્લાન્ટના પરિણામ જેવા જ છે. એવા ઘણા દર્દીઓ છે જેઓ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બાદ ૩૪ વર્ષ સુધી જીવીત રહ્યા હોય. તેનો આધાર દર્દીનું શરીર દાતાના હૃદયને કેટલી સારી રીતે સ્વીકારે છે અને કેટલા ઓછા પ્રમાણમાં ઇમ્યુનોસપ્રેશન દવાઓનો ડોઝ લેવો પડે છે તેના પર રહેલો છે.

**સૌજન્ય**

**ડો. ધીરેન શાહ**
હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન
હૃદયની બાયપાસના નિષ્ણાંત
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન
MB, MS, MCh (CVTS)
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
Email: dhiren.shah@cims.me

**ડૉ. મિલન ચગ**
હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કાર્ડિયોલોજીસ્ટ
હૃદયરોગના નિષ્ણાંત
ઇન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ
MD, DM (Cardiology)
DNB (Cardiology), FACC
(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
Email: milan.chag@cims.me

**સીમ્સ હોસ્પિટલ શરૂ કરે છે**



**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદય પ્રત્યારોપણ) ક્લિનિક**

**વધારે જાણકારી તથા એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો :**
**નીખીલ વ્યાસ (મો) ૯૭૧૪૬૬૬૭૭૩**

CIMS®
Care Institute of Medical Sciences

# સીમ્સ હોસ્પિટલ




## અમારા માટે આ ગૌરવની પળ છે
## અમે ગોલ્ડ સીલ મેળવ્યું છે




સીમ્સ હોસ્પિટલ વિશ્વની ૮૦૦થી વધારે સંસ્થાઓ અને ભારતમાં માત્ર ૨૬ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ અને કુલ ૩૦ સંસ્થાઓમાં સામેલ થઇ છે જેમણે જોઇન્ટ કમિશન ઇન્ટરનેશનલ (યુએસએ) એક્રેડિટેશન મેળવ્યું છે અને દર્દીઓની સુરક્ષામાં ગોલ્ડ સીલ ઓફ એપ્રૂવલ પ્રાપ્ત કર્યું છે.

જોઇન્ટ કમિશન ઇન્ટરનેશનલ (JCI-USA) આંતરરાષ્ટ્રીય એક્રેડિટેશન અને સર્ટિફિકેશન ઓફર કરીને દર્દીઓની સુરક્ષા અને આરોગ્યની ગુણવત્તા સુધારવા માટે કામ કરે છે.

## સર્વ શ્રેષ્ઠમાંની શ્રેષ્ઠ હોસ્પિટલ

CIMS® Care Institute of Medical Sciences — Earning Trust with World-Class Practices

JCI | NABH | NABL Certificate No. M-0500 | International Centers of Excellence

**ભારતની પ્રથમ અને એકમાત્ર હોસ્પિટલ જેણે ૪ માન્યતા પ્રાપ્ત કરી છે**

| | | |
|---|---|---|
| જેસીઆઇ પ્રાપ્ત કરનારી ભારતની સૌથી નવી હોસ્પિટલો પૈકી એક | સૌથી ઊંચા અનુપાલન પૈકી એક. ઉત્કૃષ્ટતા અને સારસંભાળના ૧૪૦૦ માપદંડમાં ૯૮.૭ ટકા અનુપાલન | પ્રથમ પ્રયાસે જ તે પ્રાપ્ત કરનારી ભારતની હોસ્પિટલો પૈકી એક |

## સીમ્સ એક્સપ્રેસ

**ઉત્તમ સેવાઓ માટે તે જ દિવસે એપોઇન્ટમેન્ટ**

**શું તમારે આજે જ એપોઇન્ટમેન્ટ જોઇએ છે ?**

સીમ્સમાં, અમે ડોક્ટર* ની એ જ દિવસની એપોઇન્ટમેન્ટની ખાત્રી આપીએ છીએ જો તમે બપોરે ૧૨ વાગ્યા પહેલા ફોન કરો તો (સોમવાર થી શનિવાર) અથવા બીજા દિવસની સવારે

**+૯૧-૯૮૨૫૦૬૬૬૬૧, +૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦**

*જે તે સ્પેશ્યાલીટીની ટીમમાંથી હાજર હશે તે ડૉક્ટર એ દિવસે તપાસશે.

**24 x 7 મેડિકલ હેલ્પલાઈન: +91-7069000000 (સિત્તેર – છ – નવ અને છ "શુન્ય")**

CIMS® Care Institute of Medical Sciences — Earning Trust with World-Class Practices
સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ નંબર)
એમ્બ્યુલન્સ: +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦
Email: info@cims.me | www.cims.me
CIMS Hospital India App on:

CIMS® Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-7 | Issue-76 | November 25, 2016

# સીમ્સ આરોગ્ય જાગૃતિ મહિનો (ઓક્ટોબર-ડિસેમ્બર, ૨૦૧૬)* – ૧૫ ડિસેમ્બર, ૨૦૧૬ સુધી

* શરતો લાગુ

## સીમ્સ સ્તન કેન્સર જાગૃતિ મહિનો

**સ્તન કેન્સરને લડત આપો**

<u>વિશેષ ચકાસણી કાર્યક્રમ</u>

- પેપ સ્મીયર
- પેલ્વિક અલ્ટ્રા સાઉન્ડ
- બાઇલેટરલ મેમોગ્રાફી (૪૦ વર્ષથી વધુની મહિલાઓમાં)
- બાઇલેટરલ યુએસજી બ્રેસ્ટ (૪૦ વર્ષથી વધુ વયની મહિલાઓમાં)
- કન્સલ્ટેશન

વાસ્તવિક દર ~~₹ ૬૯૯૯/-~~

ઓફર દર ₹ ૯૯૯/-

## સીમ્સ ગ્લુકોમા / મોતિયો મહિનો

**તમારી દૃષ્ટિ, અમારૂ ફોકસ**

- આંખના વિશેષજ્ઞનું કન્સલટેશન
- સંપૂર્ણ આંખની તપાસ
- આઇ પ્રેશર મેઝરમેન્ટ ચેકઅપ
- રેટીનાની તપાસ
- આંખના ખૂણાની તપાસ
- કોર્નિયલની જાડાઇની તપાસ
- વિઝ્યુઅલ ફીલ્ડ એનાલીસીસ

વાસ્તવિક દર ~~₹ ૩૦૦૦/-~~

ઓફર દર ₹ ૯૯૯/-

## સીમ્સ કેન્સર જાગૃતિ મહિનો

### ફેફસા અને પ્રોસ્ટેટ કેન્સર જાગૃતિ મહિનો – નવેમ્બર

**આશા. આરામ. ખાતરી.**

**ફેફસાના કેન્સરનું સ્ક્રિનિંગ**

- એચઆરસીટી થોરેક્સ
- કન્સલ્ટેશન

વાસ્તવિક દર ~~₹ ૬૦૦૦/-~~ ઓફર દર ₹ ૨૦૦૦/-

**પ્રોસ્ટેટ કેન્સરનું સ્ક્રિનિંગ**

- પીએસએ (૫૦ વર્ષથી વધુ વય માટે સલાહભર્યું)
- એચઆરસીટીયુએસજી પેલ્વિસ
- કન્સલ્ટેશન

વાસ્તવિક દર ~~₹ ૩૦૦૦/-~~ ઓફર દર ₹ ૭૫૦/-

## સીમ્સ ગર્ભાવસ્થા અને ઇન્ફન્ટ લોસ જાગૃતિ મહિનો

### સીમ્સ બર્થિંગ સેન્ટર

**શ્રેષ્ઠ જન્મ સમયની સંભાળ**

- એન્ટીનેટલ યુએસજી
- એનોમલી સ્કેન (3D /4D)
- એન્ટીનેટલ પ્રોફાઈલ
- કન્સલ્ટેશન અને એન્ટીનેટલ ક્લાસ રૂ.૧૨૦૦ના મૂલ્યનું
- નોન સ્ટ્રેસ ટેસ્ટ ૮-૯ મહિનાની ગર્ભાવસ્થા સાથે ફિટલ મોનિટરિંગ માટે

વાસ્તવિક દર ~~₹ ૬૬૦૦/-~~

ઓફર દર ₹૨૪૯૯/-

## ટોટલ ની રિપ્લેસમેન્ટ મહિનો

**શ્રેષ્ઠ ઇમ્પોર્ટેડ ઇમ્પ્લાન્ટ જે સૌથી વધારે ચાલે**

- કન્સલ્ટેશન
- ઘૂંટણ ના ૨ એક્સ-રે

વાસ્તવિક દર ~~₹ ૩૦૦૦/-~~

ઓફર દર નિ:શુલ્ક/-

**ઘુંટણ બદલવાના વિશેષ ડિસ્કાઉન્ટ પેકેજ**
**US FDA માન્ય મેટલ બેક જોઇન્ટ**

## સીમ્સ હાડકા અને સાંધા / આર્થરાઇટિસ મહિનો

**તમારી તંદુરસ્તી જાળવવા**

- સીબીસી વિથ ઇએસઆર, યુરિન, આર/એમ, વિટામીન B12 અને D3, RA ટેસ્ટ, પીટીએચ, આરબીએસ, અઆરએફટી, યુરિક એસિડ, ટોટલ પ્રોટીન, એસજીપીટી, આલ્કલાઇન ફોસ્ફેટ, 3 x-ray
- બીએમડી (બોન મિનરલ ડેન્સિટિ) સ્ક્રીનિંગ
- કન્સલ્ટેશન

વાસ્તવિક દર ~~₹ ૭૦૦૦/-~~

ઓફર દર ₹ ૨૦૦૦/-

## શોલ્ડર પેઇન

### સ્ટીફનેશ ડિસ્લોકેશન

**સર્વશ્રેષ્ઠ સારવાર**

આર્થરોસ્કોપી મીનીમલી ઇન્વેસીવ સર્જરી સાથે સૌથી ઝડપી રીકવરી

**નિ:શુલ્ક કન્સલટેશન**

## સીમ્સ સ્થૂળતા જાગૃતિ મહિનો

**સ્થૂળતા વિરોધી દિન, નવેમ્બર, ૨૦૧૬**

- બીએમઆઇ (બોડી માસ ઇન્ડેક્સ)
- બ્લડ શુગર
- એસ. કોલેસ્ટેરોલ
- કન્સલ્ટેશન
- ક્લિનિકલ ન્યુટ્રિશનિસ્ટ કન્સલ્ટેશન

વાસ્તવિક દર ~~₹ ૨૫૦૦/-~~

ઓફર દર ₹ ૬૯૯/-

## સીમ્સ હાર્ટ ફેલ્યર ક્લિનિક

**અમે તમારા હૃદયની કાળજી રાખીએ છીએ**

- હૃદયના નબળા સ્નાયુ અને નબળું પંપિંગ કરતા હૃદય માટે હાર્ટ ફેલ્યર ક્લિનિકમાં નવા હાર્ટ ફેલ્યરના દર્દીઓ માટે નિ:શુલ્ક કન્સલટેશન
- ઇસીજી (ઇકોકાર્ડિયોગ્રામ)

વાસ્તવિક દર ~~₹ ૧૫૦૦/-~~

ઓફર દર નિ:શુલ્ક/-

## સીમ્સ તંદુરસ્ત ત્વચા મહિનો

**અત્યાધુનિક સ્કીન કેર**

| | વાસ્તવિક દર | ઓફર દર |
|---|---|---|
| કેમિકલ પિલિંગ ૬ સિટિંગ | ~~₹ ૧૨૦૦૦/-~~ | ₹૮૦૦૦/- |
| બોટોક્સ થેરેપી | ~~₹ ૭૫૦૦/-~~ | ₹૫૦૦૦/- |
| લેસર હેર રિમુવલ ૬ સિટિંગ | ~~₹ ૯૦૦૦/-~~ | ₹૫૦૦૦/- |

## સીમ્સ ફેફસા અંગે જાગૃતિનો મહિનો

**તંદુરસ્ત ફેફસા મહિનો – ઓક્ટોબર    રેસ્પિરેટરી કેર વીક – ઓક્ટોબર**
**ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસિઝ (સીઓપીડી) જાગૃતિ મહિનો – નવેમ્બર**

**સરળતાથી શ્વાસ લો**

**ફ્રી કન્સલ્ટેશન અને પીએફટી (પલ્મોનરી ફંકશન ટેસ્ટ)**

| | વાસ્તવિક દર | ઓફર દર |
|---|---|---|
| સ્લીપ સ્ટડી | ~~₹ ૨૦૦૦૦/-~~ | ₹૧૦૦૦૦/- |
| ફાઇબર ઓપ્ટિક બ્રોન્કોસ્કોપી | ~~₹ ૯૦૦૦/-~~ | ₹ ૪૫૦૦/- |

## સીમ્સ જીઇઆરડી ક્લિનિક

**ધ પાવર ઓફ હીલ**

ગેસ્ટ્રોઇસોફેજિયલ રિફ્લક્સ ડિસિઝ – એસિડ રિફ્લક્સ અથવા છાતીમાં બળતરા એ દૈનિક રોજિંદા લક્ષણો છે. તે આરોગ્યને લગતી ગંભીર સમસ્યા પેદા કરી શકે છે.

**નિ:શુલ્ક કન્સલ્ટેશન**

## સીમ્સ રેડિયોલોજી ક્લિનિક

**આધુનિક ટેકનોલોજી, ભરોસાપાત્ર સાર-સંભાળ**



**૨ સીટી સ્કેન અને ૧ એમઆરઆઇ**

**એમઆરઆઇ અને સીટી સ્કેન પર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ**
**અમારા અત્યાધુનિક રેડિયોલોજી ડિપાર્ટમેન્ટમાં આવો.**
**એપોઇન્ટમેન્ટ માટે ૯ વાગ્યાથી ૫ વાગ્યા વચ્ચે બુક કરાવો**
**ફોન નંબર +૯૧-૭૦૬૯૦૦૦૦૦૦**

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો**
**+૯૧-૯૮૨૫૦૬૬૬૬૧,**
**+૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦**

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.

*CIMS Hospital India App on:*

CIMS®
Care Institute of Medical Sciences

# ઘૂંટણ બદલાવો સીમ્સ હોસ્પિટલ ખાતે

યોગ્ય દર્દીમાં, સારી તાલીમ ધરાવતા અનુભવી સર્જન દ્વારા, ઉત્કૃષ્ટ સુવિધાઓ ધરાવતી અને આફ્ટરકેર આપી શકતી હોસ્પિટલમાં ટોટલ ની રિપ્લેસમેન્ટ (ટીકેઆર) ફાયદાકારક રહે છે. છેલ્લા ૪૦ વર્ષથી આ ઓપરેશનથી ભારતમાં અને વિશ્વભરમાં લાખો દર્દીઓને ફાયદો થયો છે.

**ટીકેઆર શા માટે?** ઘુંટણની કાટિલેજ (ગાદી) ઘસાઇ જાય અને તમે ઉભા રહો, ચાલો અથવા દાદરા ચઢો ત્યારે ઘુંટણ આસપાસના હાડકા ઘસાય તો તેનાથી તમારી તમારી ચાલ ધીમી પડી જાય અથવા ચાલતી વખતે દુઃખાવો થઈ શકે છે. ઘુંટણમાં વિકૃતિ આવી શકે છે. હલનચલન ધીમું પડી જવાથી હાડકા નબળા પડે છે, સર્ક્યુલેશન ઘટે છે અને વજન ઘટાડવાનું મુશ્કેલ બને છે. તથા શરીર જૂની ગાદીની જગ્યાએ નવી ગાદી બનાવી શકતું નથી તેથી નવી ગાદી પેદા કરવા માટે કોઈ દવા નથી. ટોટલ ની રિપ્લેસમેન્ટ તમને નવા, આરામદાયક, પીડારહીત સાંધા આપે છે જે તમને ચાલવામાં મદદ કરે છે. તે પૂરવાર થઇ ચૂકેલ ઓપરેશન છે અને જે દર્દીઓને જરૂર હોય તેમાં સફળતાનો દર ઊંચો છે.



**સીમ્સ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ટીકેઆર શા માટે કરાવવું ?**
સીમ્સ હોસ્પિટલ અમદાવાદ એ ગુજરાતમાં હેડક્વાર્ટર ધરાવતી જેસીઆઇ એક્રેડિટેડ એકમાત્ર મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ છે. ભારતમાં તે ૯૮ ટકા કરતા ઊંચો જેસીઆઇ અનુપાલન દર ધરાવે છે. અમારા ઓપરેશન થિયેટર્સ અત્યાધુનિક એન્ટી-ઇન્ફેક્શન સુવિધા ધરાવે છે. અમે હોસ્પિટલમાં સર્જરી પછીની ઉત્તમ સારવાર આપીએ છીએ. અમારા બંને કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક સર્જન તાલીમબદ્ધ છે અને યુકે, યુએસએ, આયર્લેન્ડ તથા ભારતમાં પુષ્કળ અનુભવ ધરાવે છે. તે એથિકલ, પરિપક્વ અને સક્ષમ સર્જરી પૂરી પાડે છે જેમાં નાનામાં નાની બાબતો પર ધ્યાન આપવામાં આવે છે જેથી તમારો ટોટલ ની રિપ્લેસમેન્ટનો અનુભવ સફળ રહે.

**મારે ટીકેઆર પછી પથારીમાં આરામની જરૂર પડે છે?**
ના. તેની જરૂર નથી. અમારા દર્દી ઘુંટણ રિપ્લેસમેન્ટ કરાવ્યાના દિવસથી કે બીજા દિવસથી જ ચાલી શકે છે. અલબત્ત, તમારે તમારા ઘુંટણની કાળજી રાખવાની રહેશે.

**ઘુંટણના રિપ્લેસમેન્ટ પછી મારે ઔપચારિક ફિઝિયોથેરેપીની જરૂર પડે છે?**
અમે દર્દીઓને ઘરે મોકલીએ ત્યારે તેઓ ચાલી શકતા હોય છે અને ઘુંટણને વાળી શકતા હોય છે. કેટલાક લોકોને ફિઝિયોથેરેપિસ્ટની મુલાકાત મદદરૂપ બને છે અને તેનાથી તેમને આત્મવિશ્વાસ તથા પ્રોત્સાહન મળે છે.

**હોસ્પિટલમાં રોકાણ કેટલા ગાળાનો હોય છે?**
સામાન્ય રીતે ૩ થી ૫ દિવસ સુધી હોસ્પિટલમાં રહેવું પડે છે.

**મને કેવા પ્રકારના ની જોઇન્ટ (ઘુંટણના સાંધા) મળશે?**
અમેરિકાથી આયાત કરવામાં આવતી એફડીએની માન્યતા ધરાવતી ની (ઘુંટણ) ઉપયોગમાં લઇએ છીએ. અમે સામાન્ય રીતે મેટલ આધારિત ટિબિયાનો ઉપયોગ કરીએ છીએ જે પોલિઇથેલિન કમ્પોનન્ટ કરતા વધારે સમય સુધી ટકે છે. તમારા માટે શું માફક છે તેને ધ્યાનમાં રાખીને અમે તમારા ની રિપ્લેસમેન્ટ માટે શ્રેષ્ઠ કમ્પોનન્ટ નક્કી કરવામાં મદદ કરીએ છીએ.

**મારા નવા ઘુંટણ કેટલો સમય ટકશે?**
અમે જેની આયાત કરીએ છીએ તે શ્રેષ્ઠ આયાતી જોઇન્ટ લગભગ ૨૦ વર્ષ કરતા વધુ સમય સુધી ચાલે છે.

**તેનો ખર્ચ કેટલો આવશે?**
ખર્ચનો આધાર કયા નવા ની જોઈન્ટ (ઘુંટણના સાંધા)નો ઉપયોગ કરવામાં આવે છે તેના પર રહેશે. અમે દર્દીઓને પસંદગીમાં મદદ કરીએ છીએ, તેમના બજેટમાં અનુકુળ આવે અને ગુણવત્તા સાથે સમાધાન કરવામાં ન આવે. અમે વીમા કંપનીઓની પેનલમાં છીએ અને ઘણા કોર્પોરેટ સંગઠનો સાથે સંકળાયેલા છીએ અને દર્દીઓ માટે કેશલેસ સુવિધા પણ છે.

**મને ડાયાબિટિસ, હૃદયની સમસ્યા અથવા વધારે પડતું વજન હોય તો ટીકેઆર કરાવી શકાય?**
સીમ્સ હોસ્પિટલ ખાતે અમે એક ડઝનથી વધારે શ્રેષ્ઠ હાર્ટ-સ્પેશિયાલિસ્ટ, ઇન્ટેન્સિવ કેર સ્પેશિયાલિસ્ટ અને એનેસ્થેટિસ્ટની ટીમ ધરાવીએ છીએ જેઓ દરરોજ હાજર હોય છે. તમારી તબીબી સ્થિતિ માટે શ્રેષ્ઠ મેડિકલ સારવાર અને ટોચના નિષ્ણાત કાર્ડિયોલોજી અને ફિઝિશિયનનો સપોર્ટ મળે છે.

**...પરંતુ ડોક્ટર મને ઘુંટણના રિપ્લેસમેન્ટ પછીની પીડાની ચિંતા થાય છે?**
ઘુંટણના રિપ્લેસમેન્ટ બાદ આરામ રહે તે માટેનો અમે ઉત્તમ અનુભવ ધરાવીએ છીએ. ઘુંટણના રિપ્લેસમેન્ટ બાદ પીડા દૂર કરવા માટે સૌથી અસરકારક, સુરક્ષિત અને શ્રેષ્ઠ દવાઓનો ઉપયોગ કરીએ છીએ.

**સૌજન્ય**

**ડૉ. કેયૂર બુચ**
કન્સલટન્ટ ઓર્થોપેડીક,
જોઇન્ટ રીપ્લેસમેન્ટ અને આર્થરોસ્કોપીક સર્જન
MSOrtho, MChOrth(UK), FRCSEd, FRCSOrth
(મો) +૯૧-૯૯૧૩૩૯૯૯૬૧
keyur.buch@cimshospital.org

**ડૉ. સતિષ પટેલ**
જોઇન્ટ રીપ્લેસમેન્ટ અને
આર્થરોસ્કોપીક સર્જન
MS, MAMS, MCh
(મો) +૯૧-૯૮૨૪૦૫૮૩૩૨
satish.patel@cimshospital.org

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-7 | Issue-76 | November 25, 2016


# શું તમે જાણો છો પ્રેગ્નન્સીમાં...

**પ્રેગ્નન્સીમાં સોનોગ્રાફી ક્યારે કરાવવી જોઈએ ?**

- પ્રેગ્નન્સી ૯ મહિનાની હોય છે. જેમાં ત્રીજા મહિને, પાંચમા મહિને, અને આઠમા મહિને સોનોગ્રાફી કરાવવી જરૂરી છે.

**૨. ત્રીજા મહિને સોનોગ્રાફી કરાવવાના શું ફાયદા છે ?**

- ત્રીજા મહિનાની સોનોગ્રાફીને ન્યુકલ ટ્રાન્સ્લુસન્સી (NT) સ્કેન કહેવાય છે.
- આ સોનોગ્રાફીથી ગર્ભાશયમાં કેટલા બાળકો છે, ધબકારા, વિકાસ, વગેરે વિશે માહિતી મળે છે.






- આ સોનોગ્રાફીમાં ન્યુકલ ટ્રાન્સ્લુસન્સી (NT) સ્કેન એટલે કે ગર્ભસ્થ શિશુના ગળાની પાછળના ભાગમાં રહેલા પાણીને માપવામાં આવે છે. જેથી બાળકને રંગસૂત્રોની ખામી અથવા હૃદયની ખોડખાંપણ હોવાની શકયતા વધારે છે કે નહિ તેની જાણ થાય છે.

**પાંચમા મહિનાની સોનોગ્રાફીથી શું જાણકારી પ્રાપ્ત થાય છે ?**



- આ સોનોગ્રાફીને એનોમલી સ્કેન (Anomaly Scan) કહેવાય છે.
- આ સોનોગ્રાફીમાં ગર્ભસ્થ શિશુનો વિકાસ, ફરતે પાણી, મેલીની જગ્યા તથા સોનોગ્રાફીથી માલૂમ પડતી ખોડખાંપણ વિશે જાણકારી પ્રાપ્ત થાય છે.



**૪. પ્રી-પ્રેગ્નન્સી કાઉન્સીલીંગ એટલે શું ?**

- પ્રેગનન્સી પહેલાં ડોકટરની વિઝીટ કે જેમાં પ્રેગ્નન્સી પ્લાન કરતા પહેલાં શું ધ્યાન રાખવું, કયા વિટામીન લેવા, અથવા કોઈ લાંબી બિમારી (બ્લડ પ્રેશર, વારંવાર ગર્ભપાત, કિડનીની બિમારી, ડાયાબીટીસ, થાઈરોઈડ) માટે શુ કાળજી રાખવી, તેના માટેની સંપૂર્ણ ટેસ્ટ, નિદાન અને સારવારની જાણકારી પ્રાપ્ત થાય છે.

**૫. હાઇરીસ્ક પ્રેગ્નન્સી એટલે શું ?**

- જે પ્રેગ્નેન્સીમાં સગર્ભા સ્ત્રી અને ગર્ભસ્થ શિશુના સ્વાસ્થ્યને જોખમ હોય તેને હાઇરીસ્ક પ્રેગ્નન્સી કહવાય.
- આ થવાના મુખ્ય કારણો પ્રેગ્નન્સી પહેલાના રોગ તથા પ્રેગ્નન્સી દરમિયાન શરીરમાં થતા ફેરફારો હોય છે.
- આવા કિસ્સામાં એક્સપર્ટની સલાહ હેઠળ ટર્શરી પેરીનીટલ સેન્ટર (Tertiary Perinatal Center) એક એવુ સેન્ટર કે જ્યાં સગર્ભા સ્ત્રી અને ગર્ભસ્થ શિશુ માટે તમામ તબીબી સુવિધા ઉપલબ્ધ હોય છે.

**સૌજન્ય**

**ડૉ. દેવાંગ પટેલ**
**જોખમી પ્રસૂતિ તથા ગર્ભસ્થ શિશુની સારવારના સ્પેશ્યાલીસ્ટ**
MD (ગાયનેક) ગોલ્ડ મેડાલીસ્ટ,
FNB (હાઇ રીસ્ક પ્રેગ્નેન્સી ૨ પેરીનેટોલોજી)
(મો) +૯૧-૯૮૨૫૬૮૮૯૫૬
Email: devang.patel@cimshospital.org

CIMS News
Care & Cure

Volume-7 | Issue-76 | November 25, 2016

CIMS® Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2014-2016 valid upto 31st December, 2016**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2014 valid upto 31st December, 2016**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## ટોટલ ની રિપ્લેસમેન્ટ મહિનો

CIMS

## વિશેષ ની રિપ્લેસમેન્ટ કેમ્પ


**વિશેષ કિંમતના પેકેજ**
US FDA **માન્ય જોઇન્ટ**

**ઉચ્ચ અનુભવ (૨૦ વર્ષથી વધારે) ધરાવતી ઓર્થોપેડિક સર્જન**

- નિ:શુલ્ક કન્સલ્ટેશન અને ઘૂંટણ ના એક્સ-રે

**ઓફર ફક્ત ડિસેમ્બર ૧૫, ૨૦૧૬ સુધી જ માન્ય** * શરતો લાગુ

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો :**
**+૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮, ૩૦૧૦૧૨૦૦**



**સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**